# 500 આંત્રપ્રિન્યોરને બિઝનેસ ટિપ્સ અપાઇ

સિટી રિપોર્ટર @ahm_cb

આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યુટ ઑફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ) ટ્રાવેલ,આર્ટ એન્ડ ક્રાફ્ટ, ફુડ બિઝનેસ અને લોજીસ્ટિક્સ ક્ષેત્રોમાં સ્ટાર્ટ-અપ શરૂ કરવા ઈચ્છતા આંત્રપ્રિન્યોરને તાલિમ આપે છે. અત્યાર સુધી ઈડીઆઈઆઈએ ટ્રાવેલ,આર્ટ એન્ડ ક્રાફ્ટ, ફુડ બિઝનેસ અને લોજીસ્ટિક્સ ક્ષેત્રોમાં 500 આંત્રપ્રિન્યોરને તાલિમ આપી છે. ટ્રેનિંગ પ્રોગ્રામમાં ભાગ લેનારા 500 તાલીમાર્થીઓમાંથી 286 તાલીમાર્થીઓએ પોતાની એન્ટરપ્રાઈઝ શરૂ કરી છે. આ ઉપરાંત 142 એન્ટરપ્રેનિયર્સે પોતાની એન્ટરપ્રાઈઝ શરૂ કરીને અન્ય 270 લોકોને રોજગારી આપી છે. આ સફળ એન્ટરપ્રેનિયર્સ દ્વારા આશરે રૂ. 43 લાખનું રોકાણ કરવામાં આવ્યું છે. 144 લોકોએ ખાનગી ક્ષેત્રમાં રોજગારી મેળવી છે, જ્યારે કે બાકીના પોતાની માલીકીની એન્ટરપ્રાઈઝ અથવા વધુ અભ્યાસ કરવાની પ્રક્રિયામાં છે.